પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૩ | ૨૩ ઓક્ટોબર, ૨૦૨૧, શનિવાર; આસો વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ૧૦૦ કરોડ આંકડો નથી, નવો અધ્યાય છે

**જ્યારે મહામારી આવી ત્યારે સવાલ ઊભા થતા હતા કે ભારત કેવી રીતે લડશે, ૧૦૦ કરોડ વેક્સિનના ડોઝ એનો જવાબ છે : વેક્સિનેશન છતાં માસ્ક પહેરવાનું ચાલુ રાખવા લોકોને વડાપ્રધાનની અપીલ ભારતે વિજ્ઞાનની મદદથી વેક્સિનેશનના લક્ષ્યાંકને પાર પાડ્યો : વડાપ્રધાન**



નવીદિલ્હી,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ૨૧ ઓક્ટોબરે ભારતે ૧ અબજ, ૧૦૦ કરોડ વેક્સિનના ડોઝનું મુશ્કેલ, પરંતુ અસાધારણ લક્ષ્ય હાંસલ કર્યું છે. આ સિદ્ધિ પાછળ ૧૩૦ કરોડો દેશવાસીઓની કર્તવ્યશક્તિ લાગેલી છે, તેથી આ સફળતા ભારતની સફળતા છે, દરેક દેશવાસીની સફળતા છે. હું આ માટે તમામ દેશવાસીઓને અભિનંદન આપું છું.

નરેન્દ્ર મોદીએ સંબોધનની શરૂઆત કરતાં કહ્યું હતું કે 'જયો મેં સબ્ય આહતમ... જો આપણે તેને ભારતના સંદર્ભમાં જોઈએ તો આપણા દેશે એક તરફ ફરજ બજાવી છે. એનું પાલન કરવામાં આવ્યું તો મોટી સફળતા મળી. ગઈકાલે જ ભારતે ૧૦૦ કરોડ વેક્સિનના ડોઝનું મુશ્કેલ, પરંતુ અસાધારણ લક્ષ્ય હાંસલ કર્યું. આ દરેક દેશવાસીની સફળતા છે. આ માત્ર એક આંકડો નથી, એ દેશની તાકાતનું પ્રતિબિંબ છે. આ એક નવા ભારતનું ચિત્ર છે, જે અઘરું લક્ષ્ય પણ હાંસલ કરવા માગે છે.

તેમણે કહ્યું હતું કે ભારતના આ પ્રયત્નની વિશ્વમાં પ્રશંસા થઈ રહી છે, જોકે એક વાત રહી જાય છે કે વિશ્વ માટે વેક્સિન શોધવી અને વિશ્વની મદદ કરવી. એમાં અન્ય દેશો એક્સપર્ટ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચીનમાં કોરોનાની વાપસીએ સમગ્ર દુનિયામાં ચિંતા વધારી

**ફ્લાઇટ્સ રદ, શાળાઓ બંધ, ઘરમાં કેદ થયા લોકો : નવા કેસો સતત વધી રહ્યા છે અને તેને જોતા ચીનની સરકારે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે**

બેઈજિંગ, તા.૨૨

ચીનમાં કોરોનાની વાપસીએ સમગ્ર દુનિયામાં ચિંતા વધારી છે. અહીં નવા કેસો સતત વધી રહ્યા છે અને તેને જોતા ચીનની સરકારે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે. ફ્લાઈટ્સ રદ કરવામાં આવી રહી છે, ઘણા વિસ્તારોમાં શાળાઓ બંધ થઈ ગઈ છે, અને કેટલાક સ્થળોએ ફરીથી લોકડાઉન થઈ શકે છે. તમને જણાવી દઈએ કે કોરોના વાયરસ ચીનથી સમગ્ર વિશ્વમાં ફેલાયો હતો. હવે ચીને ફરી એકવાર દરેકનું ટેન્શન વધારી દીધું છે.



ચીનના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ શહેરોમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. પ્રશાસન કેટલાક બહારથી આવેલા યાત્રીઓને આ આઉટબ્રેક માટે જવાબદરા ગણી રહ્યું છે. તેને જોતા પ્રશાસને કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે. માસ ટેસ્ટિંગ ઉપરાંત ટુરિસ્ટ સ્પોર્ટ બંધ કરવામાં આવ્યા છે, સંક્રમણવાળી જગ્યાઓ પર મનોરંજનના સ્થળો પણ બંધ કરી દેવામાં આવ્યા છે અને કેટલાક વિસ્તારોમાં લોકડાઉન પણ આવી ગયું છે. ત્યારે ચીનના ન્ચ્હિડર્રે વિસ્તારમાં લોકોને તેમના ઘરની બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી છે. જે લોકો બહાર આવી રહ્યા છે તેમને પણ કોવિડનો નેગેટિવ રિપોર્ટ બતાવવા માટે કહેવામાં આવી રહ્યું છે. એવું જાણવા મળ્યું છે કે વધતા જતા કેસોને કારણે ઠે'ક્રુહ અને ન્ચ્હિડર્રે વિસ્તારોમાં ૬૦ ટકા ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એવા સમાચાર પણ છે કે મંગોલિયન ક્ષેત્રમાં વધતા જતા કેસોને કારણે કોલસાની આયાત પર પણ અસર પડી શકે છે.

## પાક.ને ગ્રે લિસ્ટમાં જ રાખવાનો FATEનો નિર્ણય

**આતંકવાદીઓ સામે પગલાં ન લેવાની મળી સજા : પાકિસ્તાનની સરકાર આતંકવાદની સામે ૩૪ મુદ્દાના એજન્ડામાંથી ચારને પૂરા કરવામાં નિષ્ફળ રહી**

ઈસ્લામાબાદ, તા.૨૨

ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની પેરિસમાં મળેલી ઓનલાઈન બેઠકમાં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં જ રાખવાનો નિર્ણય કરાયો છે. ગુરુવારે સાંજે અપાયેલા સ્ટેટમેન્ટમાં એફએટીએફએ જણાવ્યું કે, પાકિસ્તાનની સરકાર આતંકવાદની સામે ૩૪ મુદ્દાના એજન્ડામાંથી ચારને પૂરા કરવામાં નિષ્ફળ રહી છે. એફએટીએફએ એમ પણ કહ્યું કે, પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રે પ્રતિબંધિત કરેલા આતંકવાદીઓ સામે પણ કોઈ નક્કર કાર્યવાહી નથી કરી. એફએટીએફે તુર્કી અંગે પણ કડક ટિપ્પણી કરી છે. એફએટીએફએ જણાવ્યું કે, પાકિસ્તાન સતત વોચ લિસ્ટ (ગ્રે લિસ્ટ)માં છે. તેની સરકાર પાસે ૩૪ મુદ્દાની કાર્ય યોજના છે, જેમાંથી ૩૦ પર જ એક્શન લેવાયા છે. એફએટીએફએ ગ્રે લિસ્ટમાંથી બોત્સવાના અને મારીશનને બહાર કરી દીધા છે. એફએટીએફએ કહ્યું કે, આ બંને દેશોએ મની લોન્ડ્રિંગ અને આતંકવાદને મળી રહેલા ફંડને લઈને મોટી કાર્યવાહી કરી છે.

એફએટીએફનું ત્રણ દિવસીય સત્ર ૧૯ ઓક્ટોબરે શરૂ થયું હતું. પાકિસ્તાને હજુ સુધી એફએટીએફના બધા માપદંડોને પૂરા નથી કર્યા. એવામાં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય એપ્રિલ ૨૦૨૨માં આયોજિત થનારા એફએટીએફના આગામી સત્રમાં લેવામાં આવી શકે છે. આ વર્ષે જૂનમાં એફએટીએફએ

● અનુસંધાન પાન-૭ પર

## ડ્રગ્સ કેસમાં છ સ્થળે દરોડા

**ડ્રગ પેડલરની પૂછપરછ કરાઈ : નવી મુંબઈ, સાઉથ મુંબઈ, નાલાસોપારા, ઈન્ટરનેશનલ એરપોર્ટ, બાંદ્રા અને જુહૂમાં એનસીબીના દરોડા**

મુંબઈ, તા.૨૨

મુંબઈમાં ડ્રગ્સ કારોબારને લઈને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો સતત એક્શનમાં છે. મુંબઈમાં ૨૪ વર્ષીય ડ્રગ પેડલરની ગુરૂવારે મોડી રાતે પૂછપરછ કરવામાં આવી. ક્રૂઝ લાઈનર ડ્રગ કેસમાં આ પેડલર મુખ્ય આરોપી બતાવવામાં આવી રહ્યો છે. એનસીબીના નિવેદન અનુસાર ડ્રગ તસ્કરનુ નામ કેસમાં કથિત ડ્રગ ચેટમાંથી સામે આવ્યુ છે. નિવેદનમાં કહેવામાં આવ્યુ, નશીલા પદાર્થોના તસ્કરને ક્રૂઝ ડ્રગ્સ મામલે પૂછપરછ માટે એનસીબી કાર્યાલય લાવવામાં આવ્યા હતા.

સૂત્રો અનુસાર આ દરમિયાન એનસીબીએ છેલ્લા બે દિવસમાં ક્રૂઝ ડ્રગ્સ મામલે મુંબઈ અને આસપાસના વિસ્તારમાં ૬ સ્થળ પર દરોડા પાડ્યા અને તપાસ કરી.

જે વિસ્તારમાં આ તપાસ કરવામાં આવી તેમાં નવી મુંબઈ, સાઉથ મુંબઈ, નાલાસોપારા, ઈન્ટરનેશનલ એરપોર્ટ, બાંદ્રા અને જુહૂ સામેલ છે. જણાવવામાં આવ્યુ છે કે એનસીબીને આ ઠેકાણા પર વધુ કેટલાક પુરાવા મળ્યા છે.

## ગાંજાની વાત આર્યન સાથે મજાકમાં કરી હતી : અનન્યા

**બોલિવૂડ અભિનેત્રી અનન્યા પાંડેએ તેના પર લાગેલા તમામ આરોપો ફગાવ્યા છે અને ડ્રગ્સ ના લેતી હોવાનું કહ્યું**

મુંબઈ, તા.૨૨

આર્યન ખાન સાથેની કથિત ડ્રગ ચેટ મળી આવતાં ૨૧ ઓક્ટોબરે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી)એ એક્ટ્રેસ અનન્યા પાંડેને પૂછપરછ માટે બોલાવી હતી. આર્યન ખાનના મોબાઈલમાંથી મળી આવેલી વોટ્સએપ ચેટના આધારે અનન્યા પાંડેને પૂછપરછ માટે બોલાવાઈ હતી. હવે ગુરુવારે થયેલી પૂછપરછમાં અનન્યાએ શું જણાવ્યું હતું તેની વિગતો સામે આવી છે.

એક અહેવાલ મુજબ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ અનન્યા પાંડેને આર્યન ખાન સાથેની ચેટ્સ બતાવી હતી. જેમાં આર્યન અનન્યાને પૂછે છે કે, શું તે ડ્રગ્સનો જુગાડ કરી શકે છે? ત્યારે અનન્યા કહે છે કે, તે કરી આપશે. કથિત રીતે આર્યન અને અનન્યા ગાંજા વિશે વાત કરી રહ્યા હતા. આ ચેટ વિશે એનસીબીએ પ્રશ્ન

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરાખંડમાં ૯ ટ્રેકર્સનાં મૃતદેહ મળ્યા

દહેરાદૂન , તા.૨૨

ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે અત્યાર સુધીનો મૃત્યુઆંક વધીને ૬૪ પર પહોંચી ગયો છે. પ્રાપ્ત માહિતી મુજબ ટ્રેકિંગ માટે ગયેલા ૧૧ લોકોમાંથી ૯ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. રાજ્ય સરકારે કહ્યું છે કે વરસાદને કારણે રાજ્યને ૭,૦૦૦ કરોડ રુપિયાનું નુકસાન થયું છે.

ઉત્તરાખંડના કુમાઉ ક્ષેત્રમાં કપકોટમાં પાંચ પ્રવાસીઓના મોતની સાથે રાજ્યમાં વરસાદ સંબંધિત દુર્ઘટનામાં મૃત્યુઆંક ગુરુવારે વધીને ૬૪ થયો છે. નૈનીતાલ જિલ્લામાં સૌથી વધુ ૩૪ લોકોના મોત નોંધાયા છે. ચારધામ યાત્રા માટે ગુજરાત સહિતના રાજ્યોમાંથી આવેલા પ્રવાસીઓને પણ ત્યાં જ ફસાયા હોવાથી તેઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.








**ફ્લેટ વેચવાનો છે**

સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.

૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

